Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૩/૨૪૬૧૭

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૨૧/૦૮/૨૦૨૩

પ્રતિ,

આચાર્યશ્રી,

તમામ  માધ્યમિક / ઉચ્ચત્તર માધ્યમિક અને પ્રાથમિક શાળાઓ

સુરત.

સામેલ પરિપત્રનો તમામ શાળાઓએ ચુસ્ત અમલ કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

## મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત જીલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા કરવાની થતી કામગીરીની સુચનાઓ

### ૧. વિદ્યાર્થીની વિગત વેરીફીકેશન અને કરેકશન

- આપને અત્રેથી LOGIN કરવા માટે ID તથા PASSWORD અત્રેથી ઈ–મેઈલથી આપવામાં આવશે.




- LOGIN થયા બાદ મુખ્ય પેજ પર આપને આપના જીલ્લાના રજીસ્ટર થઈ ફોર્મ ભરાઈ ગયા હોય તેવા તમામ વિદ્યાર્થીના વિગત જોઈ શકશો.
- મુખ્ય પેજ પર આપના જીલ્લાના તમામ વિદ્યાર્થી (જેને ફોર્મ ભરીને સબમિટ કરેલ છે) ની વિગત Export to Excel બટન થી ડાઉનલોડ કરી શકશો.






- વિદ્યાર્થીની વિગત ચકાસવા માટે જે તે વિદ્યાર્થીના નામની જમણી બાજુ VERIFY બટન ઉપર ક્લિક કરવાથી આપને વિદ્યાર્થી દ્વારા ભરેલ તમામ વિગત આપ જોઈ શકશો.




- આપને વિદ્યાર્થીની માહિતી વેરિફિકેશન માટે મુખ્યત્વે ઠરાવ મુજબ નીચેની વિગતો ચકાસવાની રહેશે.

1) વિદ્યાર્થીએ ધોરણ ૧ થી ૮ સળંગ સરકારી કે ગ્રાન્ટેડમાં અભ્યાસ કર્યા હોય.

2) RTE હેઠળ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીએ ધોરણ ૧ થી ૮ SELF FINANCE શાળામાં સળંગ માં અભ્યાસ કર્યો હોય.
3) વિદ્યાર્થીના ફોર્મમાં ગ્રામ્ય(RURAL) દર્શાવેલ હોય તો આવક મર્યાદા રુ.૧,૨૦,૦૦૦/– થી વધુ નાં હોવી જોઈએ.
4) વિદ્યાર્થીના ફોર્મમાં શહેરી(URBAN) દર્શાવેલ હોય તો આવક મર્યાદા રુ.૧,૫૦,૦૦૦/– થી વધુ નાં હોવી જોઈએ.
5) બાળકના ફોર્મમાં SC/ST દર્શાવેલ હોય તો તેનું સક્ષમ સત્તાધિકારી પાસેથી મેળવેલું પ્રમાણપત્ર જ માન્ય રાખવું.
6) ધોરણ ૧ થી ૮ માં જે શાળામાં અભ્યાસ કર્યા તેની વિગત પણ ચકાસવી તેમાં ભૂલ જણાય તો QUERY આપવાની રહેશે.

- મુદ્દા ૧ થી ૬ ની વિદ્યાર્થીની તમામ વિગત યોગ્ય જણાય તો આપના દ્વારા વિદ્યાર્થીનું FORM APPROVE કરવાનું રહેશે.
- ઉક્ત તમામ વિગતની ચકાસણી થયા બાદ જો કોઈ ૧ અથવા ૧થી વધુ QUERY જણાય તો QUERY DROP DOWN માંથી લાગુ પડતી QUERY SELECT કરી QUERY બટન પર ક્લિક કરી તે બાબતેનો SMS પણ વિદ્યાર્થીના રજિસ્ટર્ડ મોબાઈલમાં થશે.તેને સુધારા માટે એક તક આપવામાં આવે.
- QUERY કરેલ ફોર્મ વિદ્યાર્થી પોતે લોગ ઈન કરી જે QUERY DEO દ્વારા આપવામાં આવી છે તે જોઈ શકશે અને તેની પૂર્તતા કરી પુનઃ ફોર્મ સબમિટ કરશે.
- વિદ્યાર્થી દ્વારા વિગતની પૂર્તતા કર્યા બાદ વિદ્યાર્થીના ફોર્મની વિગત ફરીથી DEO LOGIN માં જોઈ શકાશે.
- ત્યારબાદ DEO દ્વારા વિદ્યાર્થીના ફોર્મની પુન: ચકાસણી કરી વિદ્યાર્થીની પૂર્તતા સંતોષકારક જણાય તો અરજી APPROVE કરવાની રહેશે.
- જો વિદ્યાર્થી દ્વારા રજુ કરેલ પૂર્તતા સંતોષકારક નથી તેમ જણાય તો તેમની અરજી ડ્રોપ ડાઉનમાં દર્શાવેલ કારણ પસંદ કરી REJECT કરવાની રહેશે.